# આધુનિક વૈજ્ઞાનિક ખેતી અપનાવી ખેડૂતો
# આર્થિક અને સામાજિક રીતે સમૃધ્ધ બન્યાં છે
# કૃષિ મહોત્સવ-૨૦૧૭ (અમદાવાદ જિલ્લો )

ખેડૂતોને પાક અને આધુનિક વૈજ્ઞાનિક ખેત પધ્ધતિની જાણકારી માટે શરૂ કરાયેલ કૃષિ મહોત્સવ ધરતીપુત્રો માટે ખૂબ ઉપયોગી બની રહ્યો છે તેમ મહેસૂલ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે.

કૃષિ મહોત્સવ-૨૦૧૭ની ઉજવણી અંતર્ગત અમદાવાદ જિલ્લાનો કૃષિ મહોત્સવ બાવળા ખાતે યોજવામાં આવ્યો હતો. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આયોજિત કૃષિ મહોત્સવમાં કૃષિ પ્રદર્શન અને કૃષિ સેમિનારને મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા તથા મહિલા અને બાળકલ્યાણ રાજ્ય મંત્રી શ્રીમતી નિર્મલાબેન વાધવાણીની પ્રેરક ઉપસ્થિતિમાં ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વધુમાં કહ્યું હતું કે, આપણું સમગ્ર અર્થતંત્ર કૃષિ પર આધારિત છે અને અર્થતંત્રને વધુ બળવત્તર અને વેગવાન બનાવવામાં આપણાં ધરતીપુત્રોનો મહત્તમ ફાળો છે તેથી ખેડૂતોને પાક અંગે વૈજ્ઞાનિક ઢબે આધુનિક માહિતી મળી રહે તે માટે જમીન, ખેતી, પાણી અને પશુપાલનનો વિગતવાર અભ્યાસ કરીને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. પહેલા કૃષિ પેદાશની આવક નવ હજાર કરોડની હતી પણ કૃષિ મહોત્સવના આયોજન થકી આજે આ આંક સવા લાખ કરોડ સુધી પહોંચી ગયો છે જે આપણી ખૂબ મોટી સફળતા છે.

ખરીફ અને રવિ પાકોમાં ખેડૂતોને બમણી આવક થાય તેવો સરકારનો અભિગમ રહ્યો છે તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું તથા જે ખેડૂતો વર્ષોથી પરંપરાગત ઢબે પાક લેતા હતા તેઓ નિષ્ણાંતોના માર્ગદર્શનથી વૈજ્ઞાનિક ધોરણે થતી ખેતીને અપનાવીને બમણી આવક મેળવતા થયા છે.

કૃષિ રાજ્ય મંત્રી શ્રી વલ્લભભાઇ વઘાસીયાએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે, ખેતીને સધ્ધર અને સમૃધ્ધ બનાવવા અને ખેડૂતોને આવક બમણી કરવામાં કૃષિ મહોત્સવનો ખૂબ મોટો ફાળો રહેલો છે.

રાજ્યમાં ખેડૂતોને પ્રોત્સાહિત કરવા અનેક યોજનાઓનો અમલ કરવામાં આવી રહ્યો છે. સાથે સાથે પશુપાલન ક્ષેત્રે પણ ગુજરાત અગ્રેસર બની રહ્યું છે.

આ પ્રસંગે મંત્રીશ્રીઓના હસ્તે જળસંચયના કામો માટેના વર્કઓર્ડર માટેના ચેક વોટર શેડ કમિટિના પ્રમુખોને આપવામાં આવ્યા હતા. ઉપરાંત ધોળકા, દસક્રોઇ તાલુકાના ત્રણ ખેડૂતોને અકસ્માત વિમા યોજના અંતર્ગત વિમા સહાયના ચેક આપવામાં આવ્યા હતા. તથા 'બેસ્ટ આત્મા ફાર્મસ એવોર્ડ' અંતગર્ત ચાર તાલુકાને રૂા. દસ હજારની સહાયના ચેક આપવામાં હતા.

આ પ્રસંગે ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝના ચેરમેન શ્રી બાબુભાઇ જેબલીયાએ ઓર્ગેનિક ફાર્મિંગ કેવી રીતે કરવું તે અંગે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

કૃષિ મહોત્સવના આ પ્રસંગે કૃષિ અને સહકાર વિભાગના સંસદીય સચિવ શ્રી બાબુભાઇ જે. પટેલ, સાંસદ શ્રી શંભુપ્રસાદ ટુંડિયા, અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રીમતી અવંતિકાસિંઘ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો, કૃષિ વિભાગના અધિકારીઓ, ખેડૂતો, પશુપાલકો અને વિશાળ સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.






AAU
બી.ડી.એન.-૨
એ.જી.ડી.-૨